# આપનું સપ્તાહ કેવું જશે?

**તા.૨૭/૦૭/૨૦૨૬ થી તા.૦૨/૦૮/૨૦૨૬ સુધી**

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):-** સપ્તાહ તમારા નવા વિચારો અને રચનાત્મક કાર્યોને સફળ બનાવવાની તક પૂરું પાડનાર રહેશે. કાર્યસ્થળ પર બૌદ્ધિક કાર્યમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ નવું શીખવાનું પૂરું પાડશે. આર્થિક બાબતે પ્રગતિ થાય પણ કોઈ નવા રોકાણમાં ધીરજ રાખવી. નવા ધંધા માટે વાતાવરણ મળે. સંતાનો માટે નવી ટેકનોલોજી બાબતે જાગૃતિ આવે. સંતાન પ્લાનિંગની યોજનાને અમલમાં મૂકવાનો સમય ચાલે છે.

**વૃષભ (બ,વ,ઉ):-** સપ્તાહ દરમિયાન લાગણી પર કાબૂ રાખવો. વડીલોનાં કામ તથા આરોગ્ય બાબતે દોડધામ વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરી, વિલ, વારસા, વિમા એજન્સી જેવા કામમાં અનુકૂળતા રહેશે. આધ્યાત્મિક શાંતિ મળે. કાર્યક્ષેત્રે રચનાત્મક કાર્યથી યશ મળે. ઉઘરાણી આવે. નવાં રોકાણ થાય. ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણ, કાયદા કાનૂન બાબતે સફળતા મળે. વેપાર ધંધામાં નવી યોજના પાર પડે.

**મિથુન (ક,છ,ઘ):-** સપ્તાહ પારિવારિક સંપત્તિ ઝઘડા-કોર્ટ-કચેરીને લગતા કામમાં વિવાદનો અંત આવી શકે છે. આર્થિક બાબતે સાવધાની રાખવી. ધીરજ અને વ્યવહારુ અભિગમ રાખવો. સામાજિક કામમાં પ્રગતિ થાય. વિદેશ યાત્રાનાં કામ તેમજ વિદેશમાં વિવાહ વગેરે બાબતે સફળતા મળે. લાગણી પર કાબૂ રાખવો. કોઈની વાતોમાં રોકાણ કરવું નહીં. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું. નવા ક્રાંતિકારી વિચારોથી નવી દિશા મળે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ):-** ચાલુ વીક તમારી આગળ કરેલી મહેનતનું ફળ આપનાર બને છે તેમજ નોકરીની ઈચ્છા પૂર્ણ થાય. ખાવા-પીવા બાબતે સાવધાન રહેવું. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. મોસાળ અને માતા પક્ષ તરફથી લાભ થાય. કોર્ટ- કચેરીમાં સફળતા મળે. પ્રેમવિવાહની યોજનામાં મદદ મળે. રોજની આવક વધે. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય. ચોર-લૂંટારુ- આગ-પાણી-અકસ્માત અને વિશ્વાસઘાતથી સાવધાન રહેવું.

**સિંહ (મ,ટ):-** ચાલુ વીકમાં પ્રેમવિવાહની યોજનામાં મિત્રો વગેરેનો સાથ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. મોજ-શોખ, પ્રવાસ, ટ્યુશન જેવા કામ-ધંધામાં પ્રગતિ થાય. જૂના કરેલા રોકાણનો લાભ મળે. નોકરીમાં આત્મવિશ્વાસ વધે. હરીફોનો વિરોધ ખૂલીને કરશો. સ્વતંત્ર અને નીડર બનશો. સમાજજીવનમાં સફળતા અને યશ મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. દાંપત્યજીવનમાં અશાંતિ પેદા થાય. ખર્ચા વધશે.

**કન્યા (પ,ઠ,ણ):-** ચાલુ વીકમાં આવક વધારવાના નવા રસ્તા મળી શકે છે. પરિવારનો સાથ તમારાં અધૂરાં કાર્યને પૂર્ણ કરાવશે. ઘરમાં સુખ સગવડનાં સાધનો વસાવવાની યોજના પાર પડે. નોકરી-ધંધાર્થે પ્રવાસ સફળ રહે. પરીક્ષામાં સફળતા મળે. કોઈ તરફથી ભેટ મળે. પ્રેમમાં તાલમેળથી વિશ્વાસ વધે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ હકારાત્મક રહે. નોકરીમાં સફળતા કે પ્રમોશન મળે. સરકારી કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત):-** ચાલુ વીકમાં તમારા નાના-નાના કામની પણ કદર થશે. જેથી આત્મવિશ્વાસ વધશે. ભાઈ-બહેન-પડોશ વગેરે સાથેની સમસ્યાનું સમાધાન થાય. મિત્રો સાથે વેપાર ધંધાની યોજના બને. દલાલી, ટ્યુશન, પ્રવાસ, ટેકનોલોજીને લગતા કામમાં મદદ મળે. આવક વધે. ભવિષ્યની આર્થિક યોજનામાં પરિવારનો સાથ મળે. બહારનાં કામ પાર પડે. પ્રેમમાં સાથ મળે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે.

**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીક અટકેલાં કામ અને નાણાંના પ્રશ્નો હલ કરનાર રહેશે. પરિવારમાં ઉત્સવ જેવું વાતાવરણ રહે. આવક વધશે. મોજ-શોખ-ખાણી-પીણી અને પારિવારિક ધંધામાં આવક વધે. હરીફો સામે લડવાની શક્તિ અને યોજના સફળ રહે. શુભ સમાચાર મળે. બીજાને મદદરૂપ થવાનો આનંદ મળે. વડીલોના પ્રશ્નો સતાવે. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં અવરોધનો સામનો વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ):-** સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સભાનતા વધે. આરોગ્યની કાળજીથી શારીરિક ક્ષમતા વધશે. સમાજ- જાહેર જીવન પરિવારના કામમાં દોડધામ વધે. ઉત્સાહજનક કાર્ય પાર પડે. પરિવારની સમસ્યાનું સમાધાન થાય. નવા ક્રિએટીવ કામ થાય. ઉઘરાણી આવી શકે છે. અડોશ-પડોશ સાથે મતભેદ વધશે. ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. પ્રવાસમાં ધીરજ રાખવી.

**મકર (ખ,જ):-** સપ્તાહ દરમિયાન હરીફોથી સાવધાન રહેવું પડશે. બિનજરૂરી વિવાદ અને ખર્ચા વધશે. આંખ વગેરે શરીરના અંગોનું ધ્યાન રાખવું. જૂનાં દર્દો પરેશાન કરે. કોર્ટ-કચેરીમાં વિલંબ થાય. વિદેશનાં કામ પાર પડે. જૂના રોકાણનું વળતર મળે. નોકરીમાં નવી તક ઊભી થાય. પ્રમોશન કે પગારવધારો થાય. સમાજમાં અશાંતિ વધે. પરિવારના કામની ચિંતા રહે. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ):-** સપ્તાહ નવું શીખવાની તકો ઊભી કરનાર રહેશે. તમારા નવા ક્રિએટીવ વિચારોથી કાર્યક્ષેત્ર પર ઉત્સાહજનક પ્રગતિ થાય. સહકર્મીઓનો સાથ મળે. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રેમમાં પ્રગતિનો અનુભવ વધે. સમાજજીવનમાં સાવધાની રાખવી. કોઈના જામીન થવું નહીં. નવા રોકાણમાં ધીરજ રાખવી. વિદેશનાં કામ પાર પડશે. ધાર્મિક યાત્રા થાય. આગ-પાણી અકસ્માતથી સાવધાન.

**મીન (દ,ચ,ઝ,થ):-** ચાલુ વીકમાં કાર્યસ્થળ પર નવા ફેરફાર થાય. નવી યોજનામાં કામ કરવાની તક મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહેશે. સમાજ-જાહેર જીવનમાં સફળતાની સાથે વિરોધનો અનુભવ થશે. વડીલોની મદદ નવા સામાજિક સંબંધોમાં મળે. પ્રેમમાં સાથ મળે. પરીક્ષામાં સફળતા મળે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. વિદેશના કામમાં કાયદાકીય મદદ મળે. શુભ કામમાં ખર્ચા વધશે.

## સોનમ વાંગચુક

પ્રસિદ્ધ શિક્ષાવિદ્ અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુક એક પ્રભાવશાળી વ્યક્તિત્વ અને પ્રતિષ્ઠિત લડાયક નેતા છે. તેમની પ્રાપ્ત કુંડલી અગિયાર અંશ અને અશ્વિની નક્ષત્રના ચોથા ચરણની લડાયક મેષ લગ્નની છે. ગંડાત રાશિ અને નક્ષત્ર સૂચિત કરે છે કે આ વ્યક્તિની આંતરિક શક્તિ અને પૂર્વનાં કર્મો દેશ અને જનતાના હિત માટે લડવા અને કામ કરવા માટે આ દેશમાં આવ્યા છે. મેષ લગ્નમાં રાહુવાળાં જાતક સાહસિક અને મહત્ત્વાકાંક્ષીની સાથે સ્વભાવે જીદ્દી અને આક્રમક હોય છે. મેષ લગ્ન અગ્નિતત્ત્વનું લડાયક અને ન્યાયપ્રિય મંગળનું છે. મંગળ પોતે પણ અગ્નિતત્ત્વનો ગ્રહ છે. જે હંમેશા ન્યાય માટે લડનાર યોધ્ધા છે. મંગળ રાહુનો કેન્દ્ર યોગ સોનમ વાંગચુકને અપાર શક્તિ, નીડરતા, સ્વતંત્રતા અને હંમેશા વિજયની ભાવના આપનાર બને છે. મેષ લગ્નમાં રાહુવાળો જાતક વિદ્રોહી હોય છે. રાહુ મંગળ ન્યાય માટે લડનાર ગ્રહ છે. આ બંને ગ્રહો સોનમ વાંગચુકની કુંડલીમાં બળવાન બને છે.

તેમનો લગ્નેશ મંગળ ચોથે કર્ક રાશિમાં નીચ ભંગ રાજયોગ કરે છે. અને તે સપ્તમેશ કર્કના આશ્લેષા નક્ષત્રના ચોથા ચરણ ગંડાત યુક્ત શુક્ર સાથે અને ભાગ્યેશ પુનર્વસુ નક્ષત્રના ગુરુ જે પોતાની ઉચ્ચ સ્થિતિમાં છે. આ એક અદ્ભુત કીર્તિ યોગ અને પોતાના ક્ષેત્ર કે કાર્યમાં સફળતા અને સિધ્ધિ આપનાર યોગ બને છે. જ્યોતિષ શાસ્ત્રના નિયમ પ્રમાણે ચોથા સ્થાનનો ઉચ્ચ અને શુભ ગુરુ ઉંમર વર્ષ 22 બાવીસમા વર્ષે કીર્તિ સફળતા અને સમૃદ્ધિ આપે છે. તેમનો જન્મ ગુરુની મહાદશામાં થયેલ છે. માટે 1988માં Stundents Educational Movements of laddakhની સ્થાપનાથી દેશ અને દુનિયાનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરીને કીર્તિયુક્ત સફળતાની સિધ્ધિ પ્રાપ્ત કરી. આ ગુરુ તેમના મૃત્યુને પણ કીર્તિયુક્ત બનાવનાર બને છે. તેમના આયુષ્યનો સ્વામી અને મૃત્યુનો કારક શુક્ર-મંગળની યુતિ ચોથા સ્થાનમાં છે. આ સ્થાન માનવીની અંતિમ ગતિનું સૂચન કરે છે. શુક્ર મારકેશની સાથે તારક બને છે. હાલમાં સપ્ટેમ્બર 2029 સુધીની આ મારક અને તારક શુક્રની મહાદશા ચાલે છે!

29-9-2025 થી 29-07-2028 માં મારકેશ બુધની અંતરદશામાં એપ્રિલ 2026 થી ઓક્ટોબર 2026 સુધીની પોતાના જન્મ નક્ષત્રથી બારમાં વિપત એવા આશ્લેષા નક્ષત્રમાં રહેલ શુક્રની પ્રતિ અંતર દશા તેમના માટે ઘાતક છે. આ સમય અશુભ છતાં કીર્તિ આપનાર બને છે. શારીરિક અને માનસિક પીડાની સાથે જશ અને અપજશના યોગ કરે છે. શુક્ર તેમના માટે રાજયોગની સાથે બદનામીના યોગ પણ કરે છે. સાથે જ્યોતિષના નિયમ પ્રમાણે ચોથે શુક્રવાળાને પણ ઉંમર વર્ષ 22માં શિક્ષણ ક્ષેત્રમાં સફળતા મળતી હોય છે. તેમના અશુભ ફળ સ્વરૂપે શુક્રે તેમના લગ્નજીવનમાં ભંગાણ અથવા એકથી વધારે લગ્નના યોગ કરે છે. આ ગંડાતયુક્ત કર્ક અને આશ્લેષા નક્ષત્રનો શુક્ર સાંસારિક જીવન માટે શુભ નથી. આવાં જાતકોનું અંગત જીવન ત્રાસદાયક અને બદનામીયુક્ત હોય છે. તેમનો શુક્ર સપ્તમેશ થઈને ચોથે મંગળ સાથે કર્ક રાશિમાં છે. માટે પ્રથમ લગ્નભંગ થયા અને પોતાની શિષ્યા સાથે પ્રથમ લગ્ન થયાં અને બીજાં લગ્ન પણ પોતાની સાથે કામ કરનાર સાથે કે પોતાના ક્ષેત્રને અનુકૂળ કાર્ય સાથે સંકળાયેલ સ્ત્રી સાથે થયાં. તે આ દૂષિત શુક્રના કારણે છે. ચલિતમાં તેમનો શુક્ર પાંચમે રહેલ સિંહ રાશિના સૂર્ય બુધ સાથે આવે છે. જે પણ અંગત જીવનમાં વિજાતિય પાત્રોની એન્ટ્રી સૂચવે છે પણ સ્થિર લગ્નજીવનને દૂષિત કરે છે. સોનમ વાંકચુકની કુંડલી ઉપરથી કર્ક-સિંહ આશ્લેષા મઘા નક્ષત્રના શુક્ર-શનિ લગ્નજીવન માટે શુભ નથી તે સાબિત કરે છે. નવમાંશમાં તેમનો શનિ સૂર્ય સાથે સિંહ રાશિમાં છે.

બારમે શનિ-ચંદ્રની યુતિ માનસિક ત્રાસ આપનાર બને છે. આ યુતિ સંઘર્ષ, અકેલાપન, ડિપ્રેશન, લાગણીયુક્ત સંબંધોમાં જકડનાર અને એકલાપણું અનુશાસનમાં રાખનાર બને છે. ભાવના અને અનુશાસન વચ્ચે સંઘર્ષથી કઠીન પરિસ્થિતિઓમાં ટકવાની શક્તિ આપે છે. બારમું સ્થાન બંધનનું છે. જેલ યોગ કે પરિસ્થિતિને વશ થઈને રહેવાનું સૂચવે છે. અહીં શનિ-ચંદ્ર ગુરુની શુભ દૃષ્ટિ અને પરિવર્તનયોગના કારણે પ્રતિકૂળતામાં ટકવાની ક્ષમતા અને પરિપકવતા આપે છે. એપ્રિલ 2022થી એપ્રિલ 2030 સુધીની સાડા સાતીના પ્રભાવમાં હાલ સોનમ વાંગચુક છે. તા. 24-09-2025 ના રોજ દેશદ્રોહના આરોપમાં તેમની ધરપકડ થઈ ત્યારે ગોચરનો શનિ તેમના જન્મના શનિના બિલકુલ મધ્ય બિન્દુ પરથી પસાર થતો હતો. તેમનો જન્મનો શનિ ઉત્તરાભાદ્રા નક્ષત્રના પ્રથમ ચરણમાં છે. ધરપકડ વખતે ગોચરનો શનિ પણ ઉત્તરા ભાદ્રા નક્ષત્રના પ્રથમ ચરણમાં હતો. શનિ બંધનયોગ કરે છે. પણ ગુરુ સાથેના શુભ સંબંધના કારણે ચાર માસના જેલવાસ પછી તેમની નિર્દોષ મુક્તિ થઈ. કારણ શનિની પનોતી માનસિક ત્રાસ અને પીડા આપનાર છે. પણ શુભ સ્થિતિના કારણે તેમજ ચોથાના માલિક ચંદ્રના કારણે કલંકથી રક્ષણ થયું. શનિ-ચંદ્ર માનસિક પીડા આપનાર છે. પણ બદનામી નહીં. હાલમાં જન્મના ગુરુ પરથી ગુરુનું શુભ ભ્રમણ 20-08-26 સુધી પુષ્ય નક્ષત્રમાં શુભ છે. જે કીર્તિ યોગ કરે છે. સાથે ગોચરના સૂર્ય પરથી સૂર્યનું ભ્રમણ વિદ્યાર્થીઓના આંદોલનને સફળ બનાવવાનું સૂચવે છે. પાંચમું વિદ્યાસ્થાન છે. સૂર્ય સરકારનો કારક છે. મંગળની દૃષ્ટિ છે. માટે સોનમ વાંગચુકને આંશિક સફળતા મળશે. પણ આંદોલન દેશમાં નવી ક્રાંતિનું સૂચન કરે છે. કારણ મંગળનો પ્રભાવ સૂર્યને સક્રિય કરે છે!

# પૂરગ્રસ્ત વિસ્તારને બેઠો કરવા દ. ગુ.માં 145 ટીમ ઉતારાઇ

**બીલીમોરા**, સુરેન્દ્રનગર અને સાબરકાંઠામાં પણ તંત્ર હાઈ એલર્ટ પર

ગાંધીનગરઃ રાજ્યમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિ બાદ હવે સરકાર અને વહીવટી તંત્રે જનજીવનને ઝડપથી સામાન્ય બનાવવા યુદ્ધના ધોરણે રાહત અને પુનઃસ્થાપનની કામગીરી શરૂ કરી છે. દક્ષિણ ગુજરાતમાં માર્ગ અને મકાન વિભાગની 24 કલાક કામગીરી ચાલુ છે.

અસરગ્રસ્ત વિસ્તારોમાં રાજ્ય અને પંચાયત વિભાગની મળીને 145 ટીમો કાર્યરત છે, જ્યારે સુરત જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત 284 રસ્તાઓમાંથી 192 રસ્તાઓ પર ફરી વાહનવ્યવહાર શરૂ કરાયો છે. સાથે જ 182 ગામોનું માર્ગ જોડાણ પણ પુનઃસ્થાપિત કરવામાં આવ્યું છે. ગાંધીનગર સ્થિત કંટ્રોલ રૂમમાંથી સમગ્ર કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, જ્યારે વરિષ્ઠ અધિકારીઓ સ્થળ પર રહીને કામગીરીની સમીક્ષા કરી રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં નુકસાનગ્રસ્ત રસ્તાઓ પર ઝડપથી કામગીરી હાથ ધરી છે. રાજ્ય અને પંચાયત વિભાગની 107 ટીમો ઉપરાંત અન્ય ટીમો મળીને કુલ 145 ટીમો મેદાનમાં કાર્યરત છે. માર્ગો ખુલ્લા કરવા અને મરામત માટે JCB, ડમ્પર, પેવર સહિતની ભારે મશીનરીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દક્ષિણ ગુજરાતમાં કુલ 9,395થી વધુ મશીનો કાર્યરત છે, જ્યારે સુરત જિલ્લામાં જ 117 મશીનો સતત કામગીરીમાં જોડાયેલા છે.

બીજી તરફ ઉપરવાસમાં ભારે વરસાદને પગલે હીરપુરા બેરેજમાં 900 ક્યુસેક પાણીની આવક નોંધાતા બપોરે નદીમાં પાણી છોડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સાબરકાંઠા જિલ્લાના વિજાપુર તાલુકાના હીરપુરા, ગણેશપુરા, જુનાસંઘપુર અને ધનપુરા તેમજ હિંમતનગર તાલુકાના દેરોલ, સરોલી, ગેડ અને વાગપુર સહિત કુલ આઠ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. નદીના પટમાં અવરજવર, માછીમારી, સ્નાન તેમજ પશુઓને લઈ જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

નવસારી જિલ્લાના બીલીમોરામાં પૂરના પાણી ઓસરતા જ જનજીવનને ફરી સામાન્ય બનાવવા માટે સફાઈ અને આરોગ્ય સંબંધિત કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી છે. રોગચાળો ન ફેલાય તે માટે નાગરિકોને મહત્તમ સ્વચ્છતા જાળવવા, માત્ર ક્લોરિનેટેડ અથવા ઉકાળેલું પાણી પીવા અને તાવ, ઝાડા-ઊલટી જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ કલેક્ટર જી. એચ. સોલંકીના માર્ગદર્શન હેઠળ રાહત અને પુનઃસ્થાપનની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રાંત અધિકારીઓ અને પ્રભારી અધિકારીઓ સ્થળ મુલાકાત લઈને મકાન નુકસાન તથા ઘરવખરી સહાયનો ઝડપી સરવે કરી ચૂકવણીની પ્રક્રિયા શરૂ કરશે.

# રાજ્યમાં 50.83 લાખ હેક્ટરમાં વાવેતર પૂર્ણ

**મગફળી** 86% અને કપાસનું વાવેતર 79% નજીક પહોંચ્યું

ગાંધીનગરઃ રાજ્યમાં સક્રિય ચોમાસા અને અનુકૂળ વરસાદી માહોલના કારણે ખરીફ-2026ના વાવેતરને નોંધપાત્ર વેગ મળ્યો છે. રાજ્યમાં 20 જુલાઈ, 2026 સુધીમાં કુલ 50.83 લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર પૂર્ણ થયું હતું, જે સામાન્ય વાવેતર વિસ્તારના 59.59 ટકા જેટલું છે. તેલીબિયાં અને રોકડ પાકોના વાવેતરમાં સૌથી વધુ પ્રગતિ નોંધાઈ છે. ખાસ કરીને મગફળીનું 16.48 લાખ હેક્ટરમાં 86.05 ટકા અને કપાસનું 18.75 લાખ હેક્ટરમાં 78.71 ટકા વાવેતર પૂર્ણ થતાં ખેડૂતોમાં સારા વરસાદને કારણે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રાજ્યના કૃષિ વિભાગના આંકડા મુજબ સામાન્ય રીતે ખરીફ પાકોનો વાવેતર વિસ્તાર 85.30 લાખ હેક્ટર છે. તેની સામે અત્યાર સુધીમાં 50.83 લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે. તેલીબિયાં પાકોમાં કુલ 65.70 ટકા વાવેતર નોંધાયું છે. તેમાં સોયાબીનનું 88.40 ટકા, મગફળીનું 86.05 ટકા, જ્યારે કપાસ જેવા મુખ્ય રોકડ પાકનું 78.71 ટકા વાવેતર પૂર્ણ થયું છે.

મગફળીના વાવેતરે આ વર્ષે સૌથી વધુ ગતિ પકડી છે. સામાન્ય 19.15 લાખ હેક્ટર વિસ્તાર સામે 16.48 લાખ હેક્ટરમાં વાવેતર થઈ ચૂક્યું છે. બીજી તરફ કપાસનું વાવેતર સામાન્ય 23.83 લાખ હેક્ટર વિસ્તાર સામે 18.75 લાખ હેક્ટર સુધી પહોંચ્યું છે.

અનાજ પાકોમાં કુલ 38.69 ટકા વાવેતર નોંધાયું છે. તેમાં મકાઈનું 77.50 ટકા, બાજરીનું 45.03 ટકા, જુવારનું 35.32 ટકા અને ડાંગરનું 25.38 ટકા વાવેતર પૂર્ણ થયું છે. કઠોળ પાકોમાં કુલ 47.75 ટકા વાવેતર થયું છે, જેમાં અડદનું 59.54 ટકા, તુવેરનું 53.23 ટકા, મઠનું 33.75 ટકા અને મગનું 14.63 ટકા વાવેતર નોંધાયું છે. શાકભાજીનું 52.85 ટકા, ઘાસચારાનું 38.91 ટકા અને ગુવારનું 12.12 ટકા વાવેતર પૂર્ણ થયું છે, જ્યારે એરંડા, તલ અને તમાકુ જેવા પાકોમાં હજુ વાવેતરની ગતિ ધીમી છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### નંદન નિલેકણી...

સફળતાપૂર્વક ડિઝાઈન કરવા અને અમલમાં મૂકવાનો મુખ્ય શ્રેય તેમને જાય છે. આ યોજના ખૂબ જ સફળ રહી છે. તેઓ યુપીઆઈની રચનામાં પણ મહત્વની ભૂમિકા ધરાવે છે. તેઓ પોતાની સંપત્તિનો મોટો હિસ્સો સામાજિક કાર્યો, શિક્ષણ અને પર્યાવરણ માટે દાનમાં આપવા માટે 'Giving Pledge' સાથે જોડાયેલા છે.

### ટાસ્ક ફોર્સના...

શિક્ષણ સચિવ અનીતા કરવલ અને એક લોજિસ્ટિક્સ નિષ્ણાત અમૃત લાલ મીણાનો સમાવેશ થાય છે. આ જૂથ ભારતની પરીક્ષા પ્રણાલીમાં માળખાકીય સુધારા લાવવા માટે રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (NTA) ને ફરીથી સુધારવા માટે કેન્દ્ર સરકારને સલાહ આપશે.

### ત્રીજા 'સેલ્ફી મોડ'...

પેપર લીક જેવા કેસોની સુનાવણી માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરી છે અને સંસદમાં કડક સજાની જોગવાઈઓ સાથેનો કાયદો રજૂ કરવામાં આવી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, દોષિતો સામે કડક પગલાં લેવા ઉપરાંત, વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ જાળવી રાખવા માટે ભવિષ્યની પરીક્ષા પ્રણાલીને મજબૂત બનાવવી પણ જરૂરી છે.

### સોનમ વાંગચુકને...

કથિત ગેરરીતિઓનો વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને સમર્થન આપવા માટે અહીં જંતર-મંતર ખાતે તેમણે અચોક્કસ મુદતની ભૂખ હડતાળ શરૂ કરતાં પહેલાં 28 જૂને રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. વાંગચુક 28 જૂને આ આંદોલનમાં જોડાયા હતા અને 26 દિવસ સુધી અચોક્કસ મુદતના ઉપવાસ પર રહ્યા હતા. તેમને 18 જુલાઈના રોજ બળજબરીપૂર્વક સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે કહ્યું હતું કે તેમને નજરકેદ રાખવામાં આવ્યા હોય તેવું લાગતું હતું. દિલ્હી હાઈકોર્ટના આદેશ બાદ વાંગચુકને મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### કોમનવેલ્થ ગેમ્સમાં...

નવો કોમનવેલ્થ રેકોર્ડ બનાવ્યો, અને પછી તેના ત્રીજા પ્રયાસમાં 85 કિલો વજન ઉપાડીને ફરીથી પોતાનો જ રેકોર્ડ તોડ્યો. ક્લીન એન્ડ જર્ક રાઉન્ડમાં, મીરાબાઈએ 105 કિલોગ્રામના ભારે વજન સાથે શરૂઆત કરી. ભલે તે પોતાનો પહેલો પ્રયાસ ચૂકી ગઈ, પણ દબાણ હેઠળ ખીલવાની મીરાબાઈની કુશળતા હંમેશા તેની ખાસિયત રહી છે. પોતાના બીજા પ્રયાસમાં, તેણે સફળતાપૂર્વક 105 કિલોગ્રામ વજન ઉપાડીને ભારતનો સુવર્ણ ચંદ્રક સુનિશ્ચિત કર્યો હતો.

### સુપ્રીમમાં આજે...

અદાલતની કોઝ લીસ્ટ અનુસાર, આ અરજીઓ ચીફ જસ્ટિસ સૂર્યા કાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચી તથા વી મોહનાની બનેલી બેંચ સમક્ષ સુનાવણી માટે આવશે. સીજેપીની આગેવાની હેઠળની બેંચે 24 જુલાઈના રોજ આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યા પછી આ અરજીઓ પર સુનાવણી કરવા સંમતિ દર્શાવી હતી. અરજીઓની તાકીદે નોંધ લેવા માટે રજૂઆત કરતી વખતે વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણને બેંચને જણાવ્યું હતું કે, "પોલીસ વિદ્યાર્થીઓ સામે અતિશય બળનો ઉપયોગ કરી રહી છે." શંકરનારાયણે બેંચને જણાવ્યું હતું કે, દેશભરમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી હિંસા અંગે બે અલગ-અલગ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. સીજેપીએ કહ્યું હતું કે, આ અરજીઓ 27 જુલાઈના રોજ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવશે.

### હુથીઓએ સાઉદી...

કિંગડમે આ અંગે વધુ કોઈ ટિપ્પણી કરી ન હતી. અમેરિકાના સતત બે અઠવાડિયાના રાત્રિ હુમલાઓ બાદ ઈરાનમાં ગઈ રાત્રે કોઈ હુમલા થયા હોવાના અહેવાલ નથી, જે એક વિરામ દર્શાવે છે. હુથીઓએ જણાવ્યું છે કે તેઓ સાઉદી અરેબિયા દ્વારા યમન પર લાદવામાં આવેલા નાકાબંધી અને યમનની વિદ્રોહીઓના કબજા હેઠળની રાજધાની સનાના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તાજેતરમાં થયેલા હુમલાના જવાબમાં સાઉદી સાથે જોડાયેલા જહાજો માટે બાબ અલ-મંદેબની સામુદ્રધુની બંધ કરી દેશે. યમનના વિદ્રોહી નિયંત્રિત વિસ્તારો પર શાસન કરતી હુથી આગેવાની હેઠળની સુપ્રીમ પોલિટિકલ કાઉન્સિલના વડા મહેદી અલ-મશતે બાબ-એલ-મંદેબની નાકાબંધી ન કરવા અંગે જણાવ્યું હતું કે, અમારા પરનો હુમલો બંધ કરવા અને નાકાબંધી હટાવવા સિવાય બીજું કંઈ પણ સ્વીકાર્ય નથી, નહીંતર એ બધું એક ભ્રમ અને મૃગજળ સમાન છે.

### પરીક્ષા સુધારણા...

જોગવાઈઓ સાથે નવો કાયદો લાવવા તરફ આગળ વધી રહી છે. લાંબા ગાળાના સુધારાઓની જરૂરિયાત પર ભાર મૂકતા વડાપ્રધાને કહ્યું કે, સરકાર ટેકનોલોજીનો વધુમાં વધુ ઉપયોગ સુનિશ્ચિત કરીને પરીક્ષા પદ્ધતિને વધુ વિશ્વાસપાત્ર અને પારદર્શી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. નંદન નિલેકણીની અધ્યક્ષતામાં પરીક્ષા સુધારણા પર એક ઉચ્ચ-સ્તરીય ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે, એમ મોદીએ જણાવ્યું હતું. વડાપ્રધાને કહ્યું કે સરકાર એક બુલંદ અને ભૂલ-રહિત પરીક્ષા પદ્ધતિ સ્થાપિત કરવા માટે ટાસ્ક ફોર્સના સૂચનો પર કામ કરશે. તેમણે ઉમેર્યું હતું કે, આ ટાસ્ક ફોર્સ NTAની પરીક્ષાઓમાં, ખાસ કરીને ટેક્નોલોજીના પરિપ્રેક્ષ્યમાં અને તંત્રમાં માળખાકીય સુધારાઓ લાવવામાં મદદ કરશે. કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વ હેઠળનું ૩૬ દિવસનું આંદોલન ધર્મેન્દ્ર પ્રધાનના શિક્ષણ મંત્રી પદેથી રાજીનામા સાથે સમાપ્ત થયાના એક દિવસ પછી વડાપ્રધાનની આ જાહેરાત આવી હતી. આ પહેલા પણ વડાપ્રધાને યુવાનોને રિઝવવા માટે પેપર લીકના કેસો અંગે કડક કાયદાની તથા આવા કેસો ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવાની જાહેરાતો કરી છે.

### ભારતને સમજવા...

સમક્ષ એક વિચાર રજૂ કર્યો હતો. તેમણે કહ્યું, વિચાર એ હતો કે યુવાનો વર્ચ્યુઅલ માધ્યમનો ઉપયોગ કરવાને બદલે જમીન પર ઉતરીને ભારતને જાણે, ભારત સાથે જોડાય, ભારતને જીવવાનો પ્રયાસ કરે અને ભારતને સમજે. મોદીએ કહ્યું કે ભારતના ગામડાઓમાં વિકાસની ઘણી આકાંક્ષાઓ છે અને આ ગામડાઓની મુલાકાત લઈને જ તેને સમજી શકાય છે. સહભાગીઓ સાથેના તેમના વર્ચ્યુઅલ વાર્તાલાપમાં, વડાપ્રધાને કહ્યું કે વિકસિત ગામડાઓ એ વિકસિત ભારતનો પાયો છે અને તેમની સરકારે સરહદી ગામડાઓને દેશનું પહેલું ગામ માન્યું છે. યુવાનોને માટી સાથે જોડાવા પ્રોત્સાહિત કરતા તેમણે કહ્યું, વિકસિત વાઈબ્રન્ટ વિલેજની આ યાત્રા પોતે જ સૌને જોડવાનું, દરેક સાથે જોડાવાનું એક માધ્યમ છે. તેમણે ઉમેર્યું કે આ જોડાણ વિકસિત ભારતના વિઝનને વધુ વ્યાપક બનાવે છે. જો કે, વડાપ્રધાને કોકરોચ જનતા પાર્ટી (CJP) ની આગેવાની હેઠળ NEET પેપર લીક મુદ્દે થયેલા વિરોધ પ્રદર્શનોનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો, જે શનિવારે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને આંદોલનકારીઓની અન્ય માંગણીઓ સરકારે સ્વીકારી લીધા બાદ સમાપ્ત થયા હતા.

### યુક્રેનમાં ભારતીયો...

સંખ્યા કેટલી હતી તે અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી શકી નથી. દૂતાવાસે જણાવ્યું, જુલાઈ ૨૫ના રોજ ઓડેસા બંદર પર હુમલાનો ભોગ બનેલા એમવી એજીએન રાગનાર જહાજ સંબંધિત ઘટના બાદ યુક્રેન સ્થિત ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે. દૂતાવાસે ઉમેર્યું કે ઘટના સમયે જહાજ પર ચાર ભારતીય નાગરિકો સવાર હતા. તાજેતરની માહિતી અનુસાર, બે ભારતીયો સુરક્ષિત હોવાની પુષ્ટિ થઈ છે, અને બાકીના બે નાગરિકો અંગેની માહિતીની રાહ જોવાઈ રહી છે, તેમ તેણે જણાવ્યું હતું. આ ચારેય ભારતીય નાગરિકોની ઓળખ અને જહાજ પર તેમની ફરજનો પ્રકાર પણ તાત્કાલિક જાણી શકાયો નથી. શોધ અને બચાવ કામગીરી હાલ ચાલુ છે, તેમ જણાવતા દૂતાવાસે ઉમેર્યું હતું કે તે ગુમ થયેલા ક્રૂ મેમ્બર્સની સ્થિતિ જાણી શકાય અને શક્ય તમામ મદદ પૂરી પાડી શકાય તે માટે સંબંધિત અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે. થોડા દિવસ પહેલા આ જ બંદરે એક જહાજ પર થયેલા હુમલામાં ચાર ભારતીયોનાં મોત થયા હતા. તે હુમલો રશિયાએ કર્યો હોવાનું યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું હતું.

### દક્ષિણ ચીનમાં...

લોકોનાં મોત થયા છે. ચીનના નેશનલ કમિશન ફોર ડિઝાસ્ટર પ્રિવેન્શન, રિડક્શન એન્ડ રિલીફે ગુઆંગડોંગ માટે લેવલ-IV રાષ્ટ્રીય આપત્તિ રાહત ઈમરજન્સી પ્રતિસાદ સક્રિય કર્યો છે. આ ચાર-સ્તરીય ઈમરજન્સી સિસ્ટમમાં લેવલ-IV એ સૌથી ઓછું ગંભીર સ્તર છે, જ્યારે લેવલ-I સૌથી જટિલ અને ગંભીર સ્તર છે. દક્ષિણ ચીનના મોટા ભાગોમાં ભારે વરસાદ લાવનાર વાવાઝોડું નોઉલ ગુઆંગડોંગ પ્રાંતમાં ત્રાટક્યા બાદ રવિવારે હાઈ-સ્પીડ રેલ સેવાઓ અને ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય હવામાન વિજ્ઞાન કેન્દ્રે શનિવારે સાંજે આ વર્ષનું ટાયફૂન માટેનું પ્રથમ 'રેડ એલર્ટ' જારી કર્યું હતું. જો કે, રવિવારે વાવાઝોડું નોઉલ નબળું પડતાં આ એલર્ટ ઘટાડીને ઓરેન્જ અને ત્યારબાદ યલો કરી દેવામાં આવ્યું હતું. હોંગકોંગ સ્થિત સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, આ વાવાઝોડામાં પ્રતિ કલાક 162 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો, જે લગભગ બે અઠવાડિયા પહેલા પૂર્વ અને ઉત્તરપૂર્વ ચીનમાં ત્રાટકેલા વાવાઝોડા 'બાવી' કરતાં થોડો વધુ સખત હતો. પરિસ્થિતિનું આકલન કરવા અને રહેવાસીઓને સ્થળાંતરિત કરવામાં તથા તેમને પુનઃસ્થાપિત કરવામાં સ્થાનિક સત્તાવાળાઓને મદદ કરવા ઉપરાંત તેમની મૂળભૂત જરૂરિયાતો સુનિશ્ચિત કરવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં એક ટીમ મોકલવામાં આવી છે.

### યુરોપમાં દાવાનળ...

ગઈ છે. શનિવારે રાત્રે પવન ફૂંકાતા વાતાવરણને કારણે અવરોધ ઉભો થયો હતો. ફ્રાન્સના જીરોન્ડે પ્રદેશમાં, જ્યાં બોર્ડોક્સ આવેલું છે, સપ્તાહના મધ્યથી બેકાબૂ બનેલી આ ભયાનક આગના પ્રસારને રોકવાના મોટા પાયાના પ્રયાસોમાં ઝડપથી બદલાતા, જોરદાર પવનો અને શુષ્ક વાતાવરણે ભારે મુશ્કેલીઓ ઊભી કરી છે. સત્તાવાળાઓએ આ ઐતિહાસિક શહેરની દક્ષિણ-પશ્ચિમે આવેલા વધુ પાંચ વિસ્તારો માટે રાતોરાત ખાલી કરવાના આદેશો જારી કર્યા હતા. પેરીસના ક્ષેત્રફળ કરતાં ચાર ગણા મોટા વિસ્તારમાં ફેલાયેલી આ આગ સામે ચોવીસે કલાક ફાયર ફાઈટરો ઝઝૂમી રહ્યા છે. જીરોન્ડે પ્રદેશના વહીવટીતંત્રે જણાવ્યું હતું કે, રવિવાર સવાર સુધીમાં આશરે 42,000 હેક્ટર વિસ્તાર બળીને ખાખ થઈ ગયો હતો, જેમાં મોટાભાગના જંગલો અને ઝાડીઓ સતત હીટવેવના કારણે અત્યંત સુકાઈ ગયા હતા. ફાયરફાઈટરો આગના ભડકાઓ સામે લડવા માટે ટ્રકોમાં દોડી રહ્યા હતા અને પાણી તેમજ આગ ઓલવતા રસાયણો છાંટતા વિમાનો ધુમાડાથી ભરેલા આકાશમાં ચક્કર લગાવી રહ્યા હતા. સ્પેનમાં, મેડ્રિડની આસપાસ જંગલની આગ બેકાબૂ રીતે સળગી રહી હતી. વાલેન્સિયા પ્રદેશમાં પણ રવિવારે લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક સરકારે જણાવ્યું કે, વાલેન્સિયાના ઉપનગર મનિસેસમાં શનિવારે ચાર કલાક સુધી ભીષણ રીતે સળગેલી આગમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જે સ્પેનમાં તાજેતરની આગમાં નોંધાયેલું પ્રથમ મોત છે. રવિવારે સરકારના તાજા આંકડા અનુસાર, સ્પેનમાં કુલ 76,000 લોકોને ખસેડવામાં આવ્યા છે, જ્યારે અન્ય 30,000 લોકોને તેમના ઘરોમાં જ રહેવાની સૂચના આપવામાં આવી છે.

**વોક-ઇન ઇન્ટરવ્યૂ**

ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS) ના અનુદાનથી કાર્યરત લક્ષ્ય ટ્રસ્ટ - સુરત યુનિટ-3 માટે આઉટ રીચ વર્કર ની જગ્યા પર ફિક્સ પગારથી ભરતી કરવાની છે.

જરૂરી લાયકાત : ૧૨ પાસ

ઇન્ટરવ્યૂની તારીખ અને સમયઃ 30/07/2026, ગુરૂવાર, સવારે ૧૦:૩૦ કલાકે સ્થળ : ૮૦૪, આઠમો માળ જાપાન માર્કેટ દિલ્હી ગેટ રિંગ રોડ સુરત.

મોબાઇલ નંબરઃ૯૮૯૮૧૨૮૨૬૦

# હોસ્પિટલમાં સારવારના ખર્ચ માટેના દાગીનાની ચોરી

**પાંડેસરા** ઉમા હોસ્પિટલ બાર પાર્ક કરેલી રિક્ષામાંથી 29,500 મતાની ચોરી કરી અજાણ્યો ફરાર

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં રહેતા ઓટોરિક્ષા ડ્રાઈવરની પાર્ક કરેલી રિક્ષામાંથી સીટ તોડીને અંદર મૂકેલા ચાંદીના દાગીના તેમજ રિક્ષાના સ્પેરપાર્ટ્સ મળી કુલ રૂ.૨૯,૫૦૦ની મતાની ચોરી થવા પામી હતી. બીમાર સગાની સારવારના ખર્ચ માટે રાખેલા ચાંદીના ઘરેણાં ચોરાઈ જતાં પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે. બનાવ અંગે ઉધના પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે.

મળતી માહિતી મુજબ, પાંડેસરા ખાતે આકાશનગર કૈલાસ ચોકડી પાસે રહેતા અને ઓટોરિક્ષા (નં. GJ 05 DT 5225) ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા પ્રદીપકુમાર ઉમાશંકર નિશાદના માસીના પુત્ર અખિલેશને ડેન્ગ્યુ થતાં બમરોલી રોડ સ્થિત ઉમા હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સારવારનો ખર્ચ વધુ હોવાથી પ્રદીપકુમારના ભાઈ સંદીપે ભાભીના ચાંદીના દાગીના (૨૦૦ ગ્રામના પાયલ કિંમત રૂ.૨૦,૦૦૦ અને ૫૦ ગ્રામની પોંચી કિંમત રૂ.૫,૦૦૦) આપીને રિક્ષાની ડ્રાઈવર સીટ નીચે લોક કરીને મૂકી રાખ્યા હતા.

ગત તા. ૧૫/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે પ્રદીપકુમાર દર્દીની સંભાળ રાખવા માટે રિક્ષા ઉમા હોસ્પિટલ બહાર રોડ સાઈડમાં પાર્ક કરીને અંદર રોકાયા હતા. બીજા દિવસે સવારે આઠેક વાગ્યે નીચે આવીને જોતાં રિક્ષાની ડ્રાઈવર સીટ તૂટેલી હાલતમાં મળી આવી હતી. તપાસ કરતાં અંદર રાખેલા રૂ.૨૫,૦૦૦ની કિંમતના ચાંદીના દાગીના ગાયબ હતા. આ ઉપરાંત તસ્કરે રિક્ષામાંથી રૂ.૨,૦૦૦નું સ્પેર વ્હીલ, રમ૧,૫૦૦નું મીટર, રૂ.૫૦૦નો જેક અને રૂ. ૫૦૦નું ફાયર એક્સટિંગ્વિશર પણ ચોરી લીધું હતું. પ્રદીપકુમારે ઉધના પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

સુરત ડીસ્ટ્રીકટ (હાલ)ઉધના સબડીસ્ટ્રીકટનાં મોજે. પાલીનાં સર્વે નં. ૪૮/૩-બ, બ્લોક નં. ૮૩, સર્વે નં. ૪૯/૨-બ, બ્લોક નં. ૮૫, સર્વે નં. ૪૯/૧, બ્લોક નં. ૮૬,૧૦૫, સર્વે નં. ૫૦, બ્લોક નં. ૮૦, સર્વે નં. ૫૧/૨, બ્લોક નં. ૮૮, સર્વે નં. ૫૧/૧, બ્લોક નં. ૮૯, સર્વે નં. ૪૨/૨, બ્લોક નં. ૯૩, સર્વે નં. ૪૩-૪૪/૨, બ્લોક નં. ૯૭, સર્વે નં. ૪૪/૧, બ્લોક નં. ૯૮, સર્વે નં. ૪૦, બ્લોક નં. ૯૯, સર્વે નં. ૪૭/૩-૪, બ્લોક નં. ૧૧૦, સર્વે નં. ૪૮/૧-અ, બ્લોક નં. ૧૦૯ તથા સર્વે નં. ૪૭/૫, બ્લોક નં. ૧૧૨, સર્વે નં. ૪૫/૨, બ્લોક નં. ૧૦૪, તથા સર્વે નં. ૫૨, બ્લોક નં. ૯૦, સર્વે નં. ૪૮/૧-બ, બ્લોક નં. ૧૦૭, સર્વે નં. ૪૭/૧-૨, બ્લોક નં. ૧૧૧ તથા સર્વે નં. ૪૪/૫, બ્લોક નં. ૧૦૨ વાળી જમીન કે જેનું ક્ષેત્રફળ અનુક્રમે ૪૦૫.૦૦ ચો.મી., ૬૧૭૧.૦૦ ચો.મી., ૧૫૧૮.૦૦ ચો.મી., ૪૦૪૭.૦૦ ચો.મી. ૧૯૯૨૨.૦૦ ચો.મી., ૮૦૯.૦૦ ચો.મી., ૨૦૨૨.૦૦ ચો.મી., ૫૭૬૬.૦૦ ચો.મી., ૧૦૨૨.૦૦ ચો.મી., ૨૫૨૯.૦૦ ચો.મી., ૧૨૧૪.૦૦ ચો.મી., ૪૪૫૧.૦૦ ચો.મી., ૧૬૧૦.૦૦ ચો.મી., ૨૧૪૨.૦૦ ચો.મી. ૬૦૩.૦૦ ચો.મી. તથા ૧૯૩૬.૦૦ ચો.મી. છે તે જમીનો ઉપર પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૪૫ વાળી મિલકત જેનું કુલ ક્ષેત્રફળ ૧૩૯.૩૬ ચો.મી. યાને ૧૬૬.૬ ચો.વાર વાળી મિલકત અમોના અસીલનાં પિતાશ્રીસૈયદ રઝયુદીન સફરૂદીનએ (૧) મોહનલાલ રણછોડજી (૨) રમીલાબેન બળવંતરાય (૩) ચેતનાબેન બળવંતરાય (૪) બીંદુબેન બળવંતરાય (૫) જાગૃતીબેન બળવંતરાય (૬) પ્રકાશભાઇ બળવંતરાય (૭) ગુળવંતરાય છોટુભાઇ (૮) ભુપતરાય રામચંદ્રભાઇ (૯) મધુકાંતાબેન તે રામચંદ્ર અમુલભાઇની વિધવા (૧૦) કીર્તીબેન તે દિનેશચંદ્ર ચીમનભાઇની પત્ની (૧૧) લલીતાબેન તે મોહનલાલ મણીભાઇની વિધવા (૧૨) છીતાભાઇ સોમાભાઇ (૧૩) ધેલાભાઇ પરભુભાઇ (૧૪) અનીલભાઇ છોટુભાઇ (૧૫) છગનભાઇ છોટુભાઇ (૧૬) નટવરભાઇ મણીભાઇ (૧૭) જશુબેન તે છગનભાઇ છોટુભાઇની છોકરી (૧૮) દોલતરાય પરાગજી (૧૯) ડાહ્યાભાઇ મણીભાઇ તમામ પાસેથી વેચાણ રાખેલ. જે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતનાં સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનુક્રમ નં. ૫૦૦૧ થી તા. ૨૦/૦૫/૧૯૯૨ નાં રોજ નોંધવામાં આવેલ છે. ત્યારથી અમારા અસીલ સૈયદ રઝયુદીન સફરૂદીન સ્વતંત્ર માલિક, મુખત્યાર, કબજેદાર તરીકે ચાલી આવેલ છે. હાલમાં અમારા અસીલને જાણવા મળેલ છે કે, બજારમાં દલાલો, ઇસમો અમારા અસીલની જાણ બહાર સદર મિલકત વેચાણ કરવાની કોશિશ કરી રહેલ છે. જેથી જાહેર જનતાને સદર જાહેર નોટીસ થકી જણાવવાનું કે, જો કોઇપણ વ્યકિત, સંસ્થા કે બેંક સદર જમીન અંગે અમારા અસીલની સહિ, સંમતિ કે મુંજરી વિના કોઇપણ પ્રકારનાં ટ્રાન્સફર કે ગીરોનાં વ્યવહારો કે લખાણો કરવા કરાવવા નહી અને જો કોઇ વ્યકિત, બેંક કે સંસ્થા આવા લખાણો કે વ્યવહારો કરશે, કરાવશે યા તો કર્યા હશે તો તેઓને કાયદેસર હક્કો પ્રાપ્ત થશે નહી અને તેવા લખાણો કાયદા મુજબ રદબાતલ ગણાશે તેમજ વ્યવહાર કે લખાણો કરનારા વિરૂધ્ધ સિવિલ તથા ફોજદારી રાહે કાયદેસરનાં પગલા લેવામાં આવશે જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી. તા. ૨૭/૦૭/૨૦૨૬

**નિલેશ ડી. પટેલ**

તે સૈયદ અમીના રઝીયુદીન, માહિરઉદીન રઝીઉદીન સૈયદ, ઈમ્માદ રઝીઉદીન સૈયદ, સબાહ રઝીઉદીન સૈયદનાં એડવોકેટ એન્ડ નોટરી
ઓફીસઃ ૧, રાધાસ્વામી એપાર્ટમેન્ટ, સંગીત સરીતા એપાર્ટમેન્ટની બાજુમાં, અજરામરચોક, ન્યુ રાંદેરરોડ, સુરત. મો.નં. ૯૯૨૫૩૨૯૫૩

## -:: મિલકતના ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકોઃ-**પલસાણાના**, મોજે **ગામ/વોર્ડઃ-ઈંટાળવા**, ના **બ્લોક નં : ૨૦૧, જેનો સીટી સર્વે નં: NA201, કે** જેનું ક્ષેત્રફળ **૧૩૩૫૫.૦૦ ચો.મી** થી નોંધાયેલ બિનખેતી જમીન/મિલ્કતની હાલની માલિકી **૧) અબ્દુલહે અલીકાકા, ૨) રસીદા અબ્દુલહે, ૩) હવા અબ્દુલહે, ૪) ફઝીલા અબ્દુલહે, ૪) ઇલ્યાસ અબ્દુલહે, ૫) આઇશા અબ્દુલહે, ૬) ઇરફાન અબ્દુલહે, ૭) સુમૈયા અબ્દુલહૈ વિગેરેની** ચાલી આવેલ છે. સદરહુ જમીન/મિલ્કતના માલિકો પાસેથી **વેચાણ દસ્તાવેજ નં.૮૧૬ તા.૨૭-૦૬-૧૯૮૯ની ફકત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનેથી સદરહુ જમીન/મિલ્કતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીન/મિલ્કત બાબતે કોઇને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઇ કોલ-કરાર, દરદાવો, હકક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઈપણ પ્રકારનું હકક-હીત-હિસ્સો કે તર-તકરાર અથવા કોઇ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઇના કોઇપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો સદરહુ મિલ્કતનું અમો એડવોકેટ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ જમીન/મિલ્કત ઉપર અમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા. ૨૭-૦૭-૨૦૨૬

ઓફિસ નંબરઃ ૪૦૧૩,સેન્ટ્રલ બાઝાર, વરાછા પોલિસ સ્ટેશનની સામે,વરાછા,સુરત મો.: ૯૮૨૪૭-૨૧૦૦૨

**સુજીત બી.રામોલીયા** એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીક્ટ સુરત સબ-ડીસ્ટ્રીક્ટ અરેઠ (માંડવી) મોજે ગામ વિરપોર બ્લોક નં. ૧૫૫, સદર મીલક્ત બારડોલી સિટી સર્વે કચેરી, સિટી સર્વે વોર્ડ-વિરપાર (બીનખેતી) તથા સિટી સર્વે નંબર NA-155, શીટ નંબર NA-99, થી નોંધાયેલ બહુહેતુક ઉપયોગ માટે બીનખેતી થયેલ જમીનનું સુમારે ક્ષેત્રફળ ૦-૭૩-૮૬ ચો.મી.વાળી જમીન-મીલકત (૧) બંકિમભાઈ નાનુભાઇ દેસાઇ (એચ. યુ.એફ.) (૨) મનોજ સોમાભાઈ ભાવસાર (૩) ભરતકુમાર ઠાકોરદાસ ગજ્જર (૪) અરૂણભાઈ રણછોડજી પટેલનાઓએ ઉપરોક્ત મીલકત પોતાની માલીકી, કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે. એમ જણાવી અમોના અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સબબ, સદરહુ મીલકત કે તેના હિસ્સા ઉપર જો કોઈ શખ્સ, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો- કોઈપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ, કે વારસાઈ કે અન્ય કોઇપણ પ્રકારે, લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, કબજો ભોગવટો, ઇઝમેન્ટ, લીયન, લેણા, બોજો કે દરદાવો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં, તે બદલના તમામ પુરાવા સાથે, નીચેના સરનામે, રૂબરૂમાં લેખીતમાં જાણ કરીને તે અંગેની ખાતરી કરવી જવી. જો તેમ કરવામાં નહી આવે તો, મજકુર મીલકત ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો કોઈનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે. તેમ સમજી અમારા અસીલ મજકુર મીલકત વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરી-કરાવીને, અમારા અસીલ મજકુર મીલકતના પાકા લખાણો, દસ્તાવેજો કરાવી લેશે. અને ત્યારબાદ કોઈની કોઇપણ પ્રકારની તર તકરાર ચાલશે નહી. તેની સૌએ નોંધ લેવી.

સરનામુંઃ- ૧૮૫/૧૮૬, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચારરસ્તા, જી. સુરત મો.નં. ૯૯૨૫૦૨૮૨૨૨

**સુરેશ પી. ડાખરા** (એડવોકેટ એન્ડ નોટરી) તે ખરીદનાર એડવોકેટ

**Central Bank of India**
**સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા**
**सेन्ट्रल बैंक ऑफ इंडिया**

રીજનલ ઓફિસ : ૪૧૬-૪૧૯, ચોથો માળ, યુટીસી બિલ્ડીંગ, નિર્મલ હોસ્પિટલની સામે, અડાજણ, સુરત-૩૯૫૦૦૧.

## સુધારો

કૃપા કરીને આ દૈનિક સમાચાર **ગુજરાત મિત્ર (સુરત એડીશન)** માં છપાયેલ **તા. ૧૯.૦૭.૨૦૨૬** ના રોજ **ઈ-હરાજી થી વેચાણ નોટીસ** ના અનુસંધાને જણાવવાનું કે કૃપા કરીને ઈ-હરાજી નોટીસમાં **ક્રમાંક નં. ૧૫ (એકાઉન્ટ નામ : શ્રી અનીલભાઈ નાથુભાઈ સોનવણે (કરજદાર), શ્રી રાહુલ અનીલભાઈ સોનવણે (સહ-કરજદાર)**, કોલમ નં. ૩ ની મિલકતની વિગત માં કૃપા કરીને જે મિલકતનો પ્લોટ નં. ૪૧, ક્ષેત્રફળ ૨૦૦૧ સ્કે. ફીટ અથવા ૧૮૫.૮૭ સ્કે. મીટર, રામેશ્વરમ બંગ્લોઝ, વાલીયા પોલીટેકનીક કોલેજ પાસે, વાકીયા-દેસાડ રોડ, ડેવલોપેડ વાળી જમીનનો બ્લોક નં. ૨૬૯/એ, મોજે-વાલીયા, તાલુકા-વાલીયા, જિ. ભરૂચ, ગુજરાત રાજ્ય ખાતે આવેલ સ્થાવર મિલકત. ● **ચતુરસીમા :** ● **પુર્વે :** પ્લોટ થી લાગુ, ● **પશ્ચિમે :** સોસાયટીનો રસ્તો, ● **ઉત્તરે :** ખુલ્લો પ્લોટ નં. ૪૦, ● **દક્ષિણે :** ખુલ્લો પ્લોટ નં. ૪૨ ને બદલે જે મિલકતનો પ્લોટ નં. ૩૯૭, ક્ષેત્રફળ ૭૪.૩૧ સ્કે.મીટર (કેજેપી મુજબ ક્ષેત્રફળ ૫૫.૯૩ સ્કે.મીટર) અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો રોડ અને સીઓપી વાળી જમીન જોલવા રેસીડેન્સી, જે જમીનનો તમામ હકક અને હિસ્સા વાળી, જે જમીનનો આર.એસ. નં. ૧૯૨, બ્લોક નં. ૨૨૩, જે ગામ-જોલવા, તાલુકા-પલસાણા, જિ. સુરત ખાતે આવેલ મિલકત. ● **ચતુરસીમા :** ● **પુર્વે :** સોસાયટીના રોગ થી લાગુ, ● **પશ્ચિમે :** પ્લોટ નં. ૩૯૮ થી લાગુ, ● **ઉત્તરે :** પ્લોટ નં. ૩૯૬ થી લાગુ, ● **દક્ષિણે :** સોસાયટીના રોડ થી લાગુ એમ સુધારીને વાંચવી. અન્ય બધી વિગતો યથાવત છે.

તા. ૨૪.૦૭.૨૦૨૬ અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા